# રાંધેજામાં જુની અદાવતમાં યુવાનને ગડદાપાટુનો મૂઢ માર મરાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર નજીક આવેલા રાંધેજા ગામમાં જુની અદાવતમાં ગામના યુવાનને ત્રણ અજાણ્યા શખ્સોએ લોખંડની પાઈપ, લાકડી તેમજ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. આ મારામારીમાં યુવાનને પગે ફ્રેકચર થવા પામ્યું છે. પેથાપુર પોલીસ મથકે યુવાને ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ શખ્સોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલ રાંધેજા ગામની મૈત્રી એવન્યુ સોસાયટી ખાતે રહેતા જેનીક મુકેશભાઈ પટેલ ગામના પાદરે આવેલ પકોડીની લારી પર ગત રોજ સાંજના સુમારે ૬ વાગ્યના અરસામાં પકોડી ખાઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક નિલેશ કનુભાઈ પટેલ ઉર્ફે પીપી, સાહિલ બાબુભાઈ પટેલ તેમજ અન્ય એક શખ્સ આવી પહોંચ્યા હતા. આ ત્રણેય ઈસમોએ જુની અદાવતને પગલે પકોડીની લારી પાસે જ જેનીક પર લોખંડની પાઈપ, લાકડી સહિત ગડદા પાટુનો માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મારામારીમાં જેનીકને હાથે પગે તેમજ શરીરે ઈજા પહોંચતા તાત્કાલીક સારવારઅર્થે લઈ જવાયો હતો. જયાં તેને પગમાં ફ્રેકચર હોવાનું જાણવા મળ્યું છે. જેનીકે પેથાપુર પોલીસ મથકે ત્રણેય શખ્સો વિરુધ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય

વિશ્વ યોગ દિન નિમિત્તે તા. ૨૧-૬-૨૦૧૭થી ૨૭-૬-૨૦૧૭ દરમિયાન ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮ની પાછળ, ભોંયતળિયે યોગ રૂમ ખાતે યોગીક ક્રિયાઓ વિનામૂલ્યે શીખવવામાં આવશે. જેનો નગરજનોએ લાભ લેવા વિનંતી છે. તાવરિયાજી ગૃપ દ્વારા આ યોગ શિબિરમાં જોડાવા ૯૯૭૮૯૮૦૭૨૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.



૨૧મીએ વિશ્વ યોગ દિવસની થનારી ઉજવણી માટેની જિલ્લાભરમાં તૈયારી ચાલી રહી છે. કલોલ તાલુકાના નારદીપુર ખાતે તાલુકા કક્ષાના યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેવા બાળકોને તાલિમ આપવાના વિશેષ વર્ગ ચાલી રહ્યા છે તેની તસવીર.

# શિક્ષણના નામે શાળાઓ નફાખોરી રળી શકે નહીં

ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદો-૨૦૧૭ને પડકારતી ઢગલાબંધ રિટ અરજીઓની સુનાવણી હવે ગુજરાત હાઈકોર્ટે ડે ટુ ડે બેઝીઝ પર હાથ ધરવાનુ નક્કી કર્યું છે. રાજય સરકારે આજે ફરી એકવાર સોગંદનામું રજૂ કરી સ્પષ્ટ કર્યું હતું કે, સ્વનિર્ભર શાળાઓ શિક્ષણના નામે વ્યાપારીકરણ કે નફાખોરી રળી શકે નહી. સરકારે વાલીઓ અને વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને કાયદો અમલી બનાવ્યો છે. સરકારે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, આ અરજીઓનો નિકાલ નહી થાય ત્યાં સુધી શાળાઓ સામે કોઈ શિક્ષાત્મક પગલા લેવાશે નહી. રાજયના ફી નિયમન કાયદાને પડકારતી વિવિધ સ્વનિર્ભર શાળાઓ તરફથી કરાયેલી જુદી જુદી રિટ અરજીઓમાં આજે રાજય સરકાર તરફથી અદાલતને વિનંતી કરવામાં આવી હતી કે, કેસની ગંભીરતા અને અગત્યતા જોતાં હાઈકોર્ટે આ કેસની રોજિંદી સુનાવણી હાથ ધરી તેનો ઝડપથી નિકાલ કરવો જોઈએ. જેને પગલે હાઈકોર્ટે હવે આ કેસમાં ડે ટુ ડે બેઝીઝ પર સુનાવણી હાથ ધરવાનું નક્કી કર્યું હતું.

## શ્રીમંત વાલીઓએ પણ હાઈકોર્ટમાં રિટ કરી

આ કેસમાં કેટલાક શ્રીમંત વાલીઓએ પણ રિટ અરજી કરી એવો મુદ્દો હાઈકોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો કે, ફી નિયમનના કારણે તેમના બાળકોને શાળાઓમાં મળતી સુવિધાઓ, સવલતો અને શાળાની અન્ય પ્રવૃત્તિઓમાં કાપ આવશે, તે સંજોગોમાં કોર્ટે તેમના બાળકોના ભણવાના અધિકારનું પણ રક્ષણ કરવુ પડે. આ વાલીઓએ એવો સવાલ પણ ઉઠાવ્યો હતો કે, જો તેઓ ઉંચી ફી કરીને કવોલિટી એજયુકેશન માટે આગ્રહ રાખતા હોય તો, તેમના બાળકોના ભણતર પર શા માટે માઠી અસર પડવી જોઈએ ? શાળાઓ તરફથી આરટીઈ એકટ હેઠળ ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને પ્રવેશ આપવાની જોગવાઈ હોવાથી આ કાયદાની જરૂરિયાત નહી હોવાનો જે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો તે મુદે સરકારે જણાવ્યું હતું કે, આરટીઈ એકટ અને સ્વનિર્ભર શાળા ફી નિયમન કાયદો બંને અલગ અલગ છે. આરટીઈ એકટમાં ૬થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ છે, જયારે પ્રસ્તુત કાયદામાં ફી નિયંત્રિત કરવાની વાત છે, આમ બંને કાયદાનો હેતુ અને અમલીકરણ અલગ અલગ છે.



એચ ટાટ (મુખ્ય શિક્ષક) ઉમેદવારોની જિલ્લા પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પરંતુ કોઈ કારણોસર સ્થળ પસંદગી પ્રક્રિયા મોકુફ રાખવામાં આવતા જે તે પસંદગી પામેલા ઉમેદવારો સ્થળ પસંદગીની રાહ જોતા છેલ્લા ત્રણ માસથી નોકરીમાંથી છુટા કરાતા બેકાર બનેલા છે. નવા સત્રથી ખાનગી શાળાઓ ખાતે નોકરી કરતા ઉમેદવારોના પરિવારની આર્થિક સ્થિતિ મુશ્કેલીમાં છે. તેમજ આ પ્રક્રિયા ક્યારે પૂર્ણ થશે તેની રાહ જોતા ઉમેદવારો અસમંજસમાં પડ્યા છે. ત્યારે જિલ્લા પસંદગી પામેલ ઉમેદવારોએ નાયબ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી યોગ્ય કરવા રજૂઆત કરી છે.

# યોગ દિવસની ઉજવણીના બીજા દિવસે હજારો યોગ સાધકોએ કર્યું યોગ નિદર્શન

ગાંધીનગર, તા. ૧૯

૨૧મી જૂન-આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો અમદાવાદમાં પ્રારંભ થયો છે. આજે બીજા દિવસે પણ યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોગ ગુરુ બાબા રામદેવજીએ યોગનું નિદર્શન કર્યું હતું. રાજ્ય મંત્રી મંડળના સભ્યો પણ આજે યોગમાં જોડાયા હતા.

યોગ દિવસની ઉજવણીના બીજા દિવસે ઉપસ્થિત રહેલા નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, યોગ એ આપણી સાંસ્કૃતિક પરંપરા છે. ઋષિમૂનિઓની આ પરંપરાને વિશ્વ આખાએ અપનાવી છે અને સ્વીકારી પણ છે. મંત્રીએ જણાવ્યું હતું કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ યોગને વિશ્વમાં સન્માન અપાવ્યું છે. એ અર્થમાં યોગ આજે વૈશ્વિક બન્યો છે, ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવાય છે તે આપણા સૌનું ગૌરવ છે એમ તેમણે ઉમેર્યું હતું. યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે આજે બીજા દિવસે પણ વહેલી સવારે ૫ વાગે ઉપસ્થિત હજારો યોગસાધકોને યોગનું પ્રત્યક્ષ નિદર્શન-માર્ગદર્શન આપતા યોગ ગુરુ બાબા રામદેવજીએ યોગના ફાયદા સમજાવ્યા હતા. શારિરીક બીમારીઓ સામે રક્ષણ આપનાર યોગ આપણાં મન-મસ્તિષ્કને પણ સ્વસ્થ રાખે છે.





મંત્રી પ્રદિપસિંહ જાડેજા, શ્રીમતી નિર્મલાબેન વાધવાણી, અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહ, જિલ્લા કલેકટર શ્રીમતી અવંતિકાસિંહ અન્ય ઉચ્ચ અધિકારીઓ, પતંજલિ તથા બ્રહ્માકુમારી સંસ્થાના અનુયાયીઓ-યોગ સાધકોએ યોગ નિદર્શન કર્યુંહતું.

# ભાજપ સરકાર દ્વારા મગફળીના બિયારણમાં ખેડૂતોની ખુલ્લી લૂંટ કરે છે : ડૉ. હિમાંશુ પટેલ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ જણાવે છે કે, ગુજરાતની ભાજપ સરકાર દ્વારા બિયારણની સસ્તા ભાવે જથ્થાબંધ ખરીદી કરવામાં આવે છે. પરંતુ સરકાર દ્વારા આ જથ્થાબંધ ખરીદેલ બિયારણ ખેડૂતોને બજારભાવ કરતાં વધુ ભાવે વેચાણ કરે છે. જેનો સીધો મતલબ એ થાય છે કે, આ સરકાર ખેડૂતોને મદદરૂપ થવાને બદલે ખેડૂતોની ઉપેક્ષા કરી ખેડૂતોના નામે વેપાર કરી રહી છે. ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યુંહતુંકે, સરકારની ફરજ છે કે, ખેડૂતોને મદદરૂપ બની બિયારણ અંગે ખેડૂતોને મદદરૂપ બની સસ્તા ભાવે સારૂ બિયારણ ઉપલબ્ધ થાય, મગફળીનું બિયારણ પુરૂ પાડવાની જવાબદારી હોય છે. ત્યાં ભાજપ સરકાર મગફળીના બિયારણમાં ખેડૂતોની લૂંટ કરે છે.

વર્તમાન મગફળીની ખેતીની સીઝન ચાલે છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને મદદ કરવાની વાત તો દુર પણ તેમને જે બિયારણ સરકાર કે તેના નિગમ દ્વારા આપવામાં આવે છે તેમાં ખુલ્લી લૂંટનો સામનો ખેડૂતો કરે છે કારણ કે, સરકાર દ્વારા અપાતા મગફળીના બીજની ૨૦ કિ.ગ્રા. ના રૂા. ૨૦૦૦/- લેવાય છે. જ્યારે બજારમાં આજ મગફળીના બીજની ૨૦કિ.ગ્રા. નો ભાવ રૂા. ૧૫૦૦છે. આ અંગે સરકાર તાત્કાલિક ખુલાસો કરે અને સરકારની જે ખેડૂત વિરોધી માનસિક્તા અહીં ખુલ્લી પડે છે.

ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિઓને લીધે દેશના અને ખાસ કરીને ગુજરાતના ખેડૂતો આર્થિક બેહાલી તરફ ધકેલાઈ રહ્યા છે. ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિએ મોટા ઉદ્યોગપતિઓને માલામાલ કર્યા છે, જ્યારે ખેડૂતો અને ગામડાઓને વિકાસથી વંચિત રાખ્યા છે.




શ્રી નરેન્દ્રભાઈ મોદી, વડાપ્રધાન, ભારત

શ્રી વિજય રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત

ચાલો અમદાવાદ... ચાલો અમદાવાદ... ચાલો અમદાવાદ...

ગુજરાત સરકાર અને પતંજલિ યોગસમિતિના સંયુક્ત ઉપક્રમે

વિશ્વવિખ્યાત યોગગુરુ

સ્વામી રામદેવજી મહારાજના સાનિધ્યમાં

તા.૨૧મી જૂન, ૨૦૧૭, આંતરરાષ્ટ્રિય યોગ દિવસ નિમિત્તે

નિ:શુલ્ક યોગચિકિત્સા શિબિર અને ધ્યાન શિબિર યોજાશે

સમય: સવારે ૫ થી ૭.૩૦ કલાકે, સ્થળ: GMDC ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા, અમદાવાદ

- શિબિર સ્થળે ૧૫ મિનિટ પહેલાં સ્થાન લેવું
- યોગાભ્યાસ માટે ચાદર, આસન, નેપકીન, પાણીની બોટલ સાથે લાવવી
- વ્યક્તિગત ક્ષમતા અનુસાર જ યોગાભ્યાસમાં ભાગ લેવો

તમારા શહેર, જિલ્લા કે તાલુકા મથકે પણ આપ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લઈ શકો છો
આવો, બનાવીએ સ્વસ્થ ગુજરાત... સમૃદ્ધ ગુજરાત...

નાગરિકોના સ્વાસ્થ્ય માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે
શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

યોગ ભગાવે રોગ — યોગ કરો — નિરોગી બનો